જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : સંજય મેહરા

વિ. સં. ૨૦૭૪ । સોમવાર । તા. ૧૫-૧૦-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

અકબર નાઈજીરિયાથી દિલ્હી પરત ફર્યા,મંત્રી સામે ૧૧ મહિલાએ આરોપ લગાવ્યો હતો

મંત્રી એમ.જે.અકબરે આપ્યું રાજીનામું!!

મંત્રી અકબરે ઈ-મેઈલ કરી રાજીનામું આપ્યુ હોવાના સમાચાર,વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજને મળવા માટેનો સમય માંગ્યો

પીએમ મોદી દેશની જનતાને જણાવે તેઓ અકબર મામલે શું વિચારે છે? : કોંગ્રેસ

યૌન શોષણના આરોપમાં ઘેરાયેલા વિદેશ રાજ્ય મંત્રી એમ.જે અકબર આ મામલે ચૂપ છે, કોંગ્રેસે મોદીને ખામોશી તોડવાની માગ કરી છે.

રવિવારે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કોંગ્રેસના દિગ્ગજ નેતા આનંદ શર્માએ મીટૂ અભિયાનના હેઠળ સામે આવેલા એમ.જે અકબરની સામે યૌન શોષણના મામલે તેમને પ્રતિક્રિયા આપી છે. તેમને PM મોદીની ચૂપ્પી પર સવાલ ઉઠાવ્યા છે. આનંદ શર્માએ કહ્યું કે PM મોદી દેશની જનતાએ જણાવે કે તેઓ આવા મામલામાં શું વિચારે છે. આનંદ શર્માએ કહ્યું કે સરકારની મર્યાદાનો પશ્ન અને PM પદની ગરિમાનો પણ પશ્ન છે દેશમાં આટલી મોટી ચર્ચા ચાલી રહી છે. PM મોદીના વિચાર જનતા જાણવા માગે છે કે pm આ મામલે શું વિચારે છે.

ન્યુ દિલ્હી

યૌન શોષણના આરોપનો સામનો કરી રહેલા કેન્દ્રીય મંત્રી એમ.જે. અકબરે રાજીનામું આપી દીધાના સમાચાર છે. સરકાર સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મંત્રી એમ.જે.અકબરે ઈ-મેઈલ કરીને પોતાનું રાજીનામું આપી દીધું છે. અકબર મોદી સરકારમાં વિદેશ રાજ્ય મંત્રી છે. તેઓ રવિવારે સવારે જ વિદેશ પ્રવાસથી ભારત પરત ફર્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે રાજીનામું



આપ્યા બાદ તેમણે વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજને મળવા માટેનો સમય માંગ્યો છે. નાઈજીરીયાના પ્રવાસેથી પરત ફરેલી મંત્રી અકબરે પ્રિન્સિપાલ સેક્રેટરી ન્રૃપેન્દ્ર મિશ્રાને પોતાનું રાજીનામું મોકલી આપ્યું હતું. સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે #MeToo ચળવળ હેઠળ વિવિધ મહિલાઓએ મંત્રી સામે કરેલી શારીરિક શોષણની ફરિયાદ બાદ મંત્રીનો પક્ષ લેવાનું કામ મુશ્કેલી બની ગયું હતું. મંત્રી સામે સાહિત્ય, મનોરંજન, પત્રકારત્વ, જાહેરાત, વગેરે ક્ષેત્રની મહિલાઓએ આક્ષેપ લગાવ્યા છે. સૂત્રોએ એવું પણ જણાવ્યું હતું કે અન્ય મંત્રીઓ સતત એવી ફરિયાદ કરી રહ્યા હતા કે તેમને જાહેર કાર્યક્રમોમાં એમ.જે. અકબર અંગે સવાલ પૂછવામાં આવી રહ્યા છે.

અકબર પર સૌ પહેલા પ્રિયા રામાની નામની પત્રકારે આક્ષેપ લગાવ્યો હતો. ગયા વર્ષે એક મેગેઝિમાં એમ.જે. અકબરનું નામ લીધા વગર તેણીએ એક લેખ લખ્યો હતો.

કેટલાકને ખોટા આરોપો મુકવાની બીમારી,કાનૂની કાર્યવાહી કરીશ : અકબર

મોદી સરકારના વિદેશ રાજ્યમંત્રી એમ જે અકબરે મહિલા પત્રકારો દ્વારા લગાવવામાં આવેલા યૌન શોષણના આરોપો પર પોતાનુ મૌન આખરે તોડ્યુ છે.

વિદેશ રાજ્યમંત્રી તરીકે રાજીનામુ આપ્યુ હોવાની અટકળો વચ્ચે તેમણે કહ્યુ હતુ કે જેમણએ પણ ખોટા આરોપો લગાવ્યા છે તેમની સામે કાનૂની કાર્યવાહી કરીશ. કેટલાકને પૂરાવા વગર આરોપ લગાવવાની બીમારી થઈ ગઈ છે. હવે મારા વકીલો નક્કી કરશે કે શું કાર્યવાહી કરવી.

પૂર્વ પત્રકાર એવા એમ જે અકબરે કહ્યુ હતુ કે લોકસભાની ચૂંટણી પહેલા જ કેમ આ અભિયાન શરુ થયુ છે. શું તેની પાછળ કોઈ એજન્ડા છે..આ પ્રકારના આરોપોથી મારી પ્રતિષ્ઠાને ભરપાઈ ના થઈ શકે તેવુ નુકસાન થયુ છે.

ભર બજારે બોડીગાર્ડે જજની પત્ની અને પુત્ર પર ગોળીઓ વરસાવી, બન્નેનું મોત

ગુરુગ્રા

ગુરુગ્રામમા શનિવારે ભરબપોરે એડિશલ સેશન્સ જજ કૃષ્ણકાંતની પત્ની અને પુત્રની તેમના જ સુરક્ષા ગાર્ડે બજારની વચોવચ્ચે ગોળીઓ વરસાવી હતી. પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી પત્ની અને પુત્રને હોસ્પિટલમાં ખસેડ્યા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન રવિવારે જજની પત્ની રિતુ ગર્ગ અને પુત્ર ધ્રૂવ ગર્ગનું મોત થયું હતું.

ગુરુગ્રામની સાઉથ સિટી-૨માં ભરબપોરે ૩.૩૦ વાગ્યે આરોપી હેડ કોન્સ્ટેબલ મહિપાલે જજની પત્ની અને પુત્રને ગોળી મારી હતી અને બાદમાં ફોન કરીને જજને આ ઘટના અંગે જાણ કરી હતી. તે સમયે જજ કૃષ્ણકાંત અન્ય જજ સાથે મીટિંગમાં હતા. સપ્તાહના અંતમાં બજારમાં અત્યંત ભીડ હોય છે અને રોડ પર ટ્રાફિક પ્રમાણમાં પણ વધુ હોય છે. આરોપીએ માતા-પુત્રને ગોળી મારી ગાડી લઈને જતો રહ્યો હતો. જોકે પોલીસ ગુડગાંવ-ફરીદાબાદ માર્ગ પરથી ધરપકડ કરી છે.

પોલીસે સુરક્ષાગાર્ડ મહિપાલની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખી હરિયાણા પોલીસે એસઆઈટીની રચના કરી છે. ડીસીપી સુલોચના ગજરાજના નેતૃત્વ હેઠળ બનેલી આ એસઆઈટીમાં ૨ એસીપી અને ૪ ઈન્સેપેક્ટર સામેલ છે.

વિન્ડિઝની ટીમ બીજા દાવમાં માત્ર ૧૨૭ રનમાં ઓલઆઉટ

હૈદરાબાદ ટેસ્ટમાં ભારતની ૧૦ વિકેટે જીત : ૨-૦થી ક્લિન સ્વીપ

જીતવા માટેના માત્ર ૭૨ રન ભારતે કોઈપણ વિકેટ ગુમાવ્યા વિના બનાવ્યા રાજકોટ ટેસ્ટમાં મોટા અંતરથી જીત બાદ બીજી ટેસ્ટ પણ ૧૦ વિકેટે જીતી

હૈદરાબાદ

હૈદરાબાદમાં રમાયેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચ પણ જીતીને ભારતે નવો ઈતિહાસ સર્જ્યો છે. ભારતે આજે વેસ્ટઈન્ડિઝ ઉપર હૈદરાબાદ ટેસ્ટમાં ૧૦ વિકેટે જીત મેળવી હતી. યજમાન ટીમને જીતવા માટે માત્ર ૭૨ રનની જરૂર હતી. ભારતે પૃથ્વી શોના અણનમ ૩૩ અને લોકેશ રાહુલના અણનમ ૩૩ રનની મદદથી આ ટાર્ગેટ પાર પાડીને ૧૦ વિકેટે જીત મેળવી હતી. પૃથ્વી શોએ ચોગ્ગો મારીને ભારતને જીત અપાવી હતી. પ્રવાસી ટીમે પ્રથમ ઈનિંગ્સમાં ૩૧૧ રન બનાવ્યા હતા જ્યારે ભારતીય ટીમે જવાબમાં ૩૬૭ રન બનાવ્યા હતા. ભારતે પ્રથમ ઈનિંગ્સના આધાર પર યજમાન ટીમ ઉપર ૫૬ રનની લીડ મેળવી હતી. વિન્ડિઝની ટીમ તેના બીજા દાવમાં પણ કોઈ ધારે ધરખમ દેખાવ કરી શકી નહતી. વેસ્ટઈન્ડિઝની ટીમ તેના બીજા દાવમાં માત્ર ૧૨૭ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી ઉમેશ યાદવે ૪૫ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી જ્યારે રવિન્દ્ર જાડેજાએ ૧૨ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. વિન્ડિઝનો કંગાળ દેખાવ જારી રહ્યો હતો. આ પહેલા વિન્ડિઝની બીજી ઈનિંગ્સની શરૂઆત પણ ખરાબ રહી હતી. બંને ઓપનર્સ માત્ર છ રન ઉમેરીને પેવેલિયન ભેગા થયા હતા. આજે ત્રીજા દિવસે ભારતે પોતાની ઈનિંગ્સને આગળ વધારી હતી અને ભારતીય ટીમ ૩૬૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

સપ્તાહના ભારતીય ટીમે આજે દિવસની શરૂઆત ચાર વિકેટે ૩૦૮ રનથી આગળ કરી હતી પરંતુ ભારતીય ટીમ પણ ૧૬.૧ ઓવરમાં માત્ર ૨૫ રન ઉમેરીને પાંચ વિકેટ ગુમાવી દેતા ભારતીય ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. અશ્વિને ૮૩ બોલમાં ૩૫ રન ઉમેર્યા હતા. શાર્દુલ અને અશ્વિને છેલ્લી વિકેટની ભાગીદારીમાં ૨૮ રન ઉમેર્યા હતા.

આફ્રિકન દેશ મલાવીમાં મહાત્મા ગાંધીની પ્રતિમા લગાવવા સામે વિરોધ

મલાવી

આફ્રિકન દેશ મલાવીની આર્થિક રાજધાની બ્લાંટાયરમાં મહાત્મા ગાંધીની પ્રતિમા લગાવવા સામે વિરોધ શરૂ થયો છે. પ્રતિમા લગાવવાની યોજનાના વિરોધમાં લગભગ ત્રણ હજાર લોકોએ એક અરજી પર હસ્તાક્ષર કર્યા છે. તેમનું કહેવું છે કે ભારતીય સ્વતંત્રતા સંગ્રામના નાયકે દક્ષિણ આફ્રિકન દેશ માટે કંઈ કર્યું નથી. મલાવીમાં ગાંધીજીના નામ પર બનેલા એક માર્ગની સાથે તેમની પ્રતિમા બનાવવાનું કામ બે માસ પહેલા શરૂ કરવામાં આવ્યું હતું. મલાવીની સરકારનું કહેવું છે કે આ પ્રતિમા એક સમજૂતી હેઠળ બનાવાઈ રહી છે. ભારત દ્વારા બ્લાંટાયરમાં એક કરોડ ડોલરના ખર્ચે એક સંમેલન કેન્દ્રનું નિર્માણ થવાનું છે. ગાંધી મસ્ટ ફૉલ સમૂહના એક નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે મહાત્મા ગાંધીએ આઝાદી માટેના મલાવીના સંઘર્ષમાં કોઈ યોગદાન આપ્યું નથી. તેથી તેમને લાગે છે કે માલાવીના લોકો પર ગાંધીની પ્રતિમા થોપાઈ રહી છે અને આ એક વિદેશી શક્તિનું કામ છે.આ વિદેશી શક્તિ મલાવીના લોકો પર પોતાનો દબદબો અને તેમના મનમાં પોતાની સારી છબી બનાવવા ચાહે છે. અરજદારે ગાંધીજી પર રંગભેદી હોવાનો પણ આરોપ લગાવ્યો છે. વિદેશ મંત્રાલયના મુખ્ય સચિવ ઈસાક મુનલોએ આ પ્રોજેક્ટનો બચાવ કર્યો છે. તેમણે કહ્યુ છે કે મહાત્મા ગાંધીએ સાદગી, સામાજિક બુરાઈઓ વિરુદ્ધની લડાઈ, નાગરિક અધિકારોને પ્રોત્સાહન આપ્યું હોવાનું સ્વીકારવું જોઈએ.

એનસીપીના નેતા શરદ પવારે સંકેત આપ્યો

ભાજપ-શિવસેના લોકસભા ચૂંટણી સાથે મળીને લડી શકે

વિધાનસભાની ચૂંટણી સાથે નહીં લડે પરંતુ લોકસભામાં બંને પાર્ટી સાથે રહેશે : તંગ સંબંધો હોવાની કબૂલાત કરી

મુંબઈ

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવારે અંદાજ વ્યક્ત કરતા કહ્યું છે કે, ભાજપ અને શિવસેના આગામી લોકસભાની ચૂંટણીમાં સાથે મળીને ચૂંટણી લડી શકે છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે આ બંને પાર્ટી એક સાથે ન આવે પરંતુ લોકસભાની ચૂંટણીમાં આ બંને પાર્ટીઓ સાથે રહેશે. બંને ચૂંટણી એક સાથે યોજવાની શક્યતાને ફગાવતા તેમણે કહ્યું હતું કે, હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. કેન્દ્ર સરકાર છેલ્લા કેટલાક સમયથી લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી એક સાથે યોજવાને લઈને શક્યતા ચકાસી રહ્યું છે. આ વર્ષની શરૂઆતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી એક સાથે યોજવાને લઈને સંકેત આપ્યા હતા. મોદીના સંકેત બાદ આના પર વ્યાપક ચર્ચા થઈ હતી. મોદીએ એમ પણ કહ્યું હતું કે, એક સાથે ચૂંટણી યોજવાની સ્થિતિમાં નાણાંની બચત થશે. પવારે કહ્યું હતું કે, ભાજપ અને શિવસેના લોકસભા ચૂંટણી માટે હાથ મિલાવી શકે છે પરંતુ એવું બની શકે છે કે, રાજ્ય વિધાનસભાની ચૂંટણી માટે બંને પાર્ટી એકમત ન થાય. કેન્દ્ર અને રાજ્યમાં સત્તામાં ભાગીદાર હોવા છતાં ભાજપ અને શિવસેના વચ્ચેના સંબંધો હંમેશા તંગદિલીપૂર્ણ રહ્યા છે. શિવસેનાએ આ પહેલા સંકેત આપ્યો હતો કે, ૨૦૧૯ની લોકસભા અને વિધાનસભા ચૂંટણી તે એકલા હાથે લડશે. ૨૦૧૯ની ચૂંટણી પહેલા કોંગ્રેસ અને એનસીપી વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને ચિત્ર સ્પષ્ટ નથી.

સર્જિકલ સ્ટ્રાઈકની ધમકી વચ્ચે પાક.નું એલઓસી પર ફાયરિંગ : ભારતનો વળતો પ્રહાર

શ્રીનગર

ભારતની વિરૂદ્ધ પાકિસ્તાનની સર્જીકલ સ્ટ્રાઈકને લઈ આપવામાં આવેલી ધમકીની વચ્ચે જમ્મુ-કાશ્મીરમાં સરહદ પારથી સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું છે. રવિવારના રોજ LoC પર પાકિસ્તાનની તરફથી ફાયરિંગ કરાયું છે. જેનો ભારતીય સુરક્ષાબળોએ જડબાતોડ જવાબ આપ્યો છે.

પાકિસ્તાન સેનાએ પૂંછ જિલ્લાના દિગવર સેકટરમાં ભારતીય ચોકીઓ પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. કહેવાય છે કે પાકિસ્તાનની તરફથી નાના અને સ્વચાલિત હથિયારોથી ભારીતય ચોકીઓ પર ગોળીબાર શરૂ કરાયો છે. સેનાએ તેનો વળતો જોરદાર જવાબ આપ્યો છે.

પાક સેનાના પ્રવકતા મેજર જનરલ આસિફ ગફૂરે લંડનમાં ભારતની વિરૂદ્ધ ઝેર ઓકયું. તેઓ પાકિસ્તાન સેનાના પ્રમુખ જનરલ કમર જાવેદ બાજવાની સાથે વિદેશ યાત્રા પર છે. તેમણે કહ્યું કે ભારત એક સર્જીકલ સ્ટ્રાઈક કરશે તો અમે ૧૦ કરીશું. ગફુરે કહ્યું કે જે લોકો અમારી વિરૂદ્ધ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવાનું વિચારે છે તો તેમણે પાકિસ્તાનની ક્ષમતાઓ પર પણ કોઈ શંકા કરવી જોઈએ નહીં.

આ વખતે શિયાળામાં તાપમાન વધુ રહેવાથી રવિ પાકને નુકસાન થવાની શક્યતા

અલ નીનોને કારણે ચાલુ વર્ષે શિયાળામાં ગયા વર્ષ કરતા પણ ઓછી ઠંડી પડશે

ન્યુ દિલ્હી

અનિયમિત વરસાદથી હેરાન ખેડૂતો અને સામાન્ય લોકોને આગામી સમયમાં કોઈ રાહત મળે તેવું લાગતું નથી. પૂણેમાં આવેલા ભારતીય હવામાન વિભાગના અંદાજ મુજબ આ વર્ષે શિયાળામાં અલ નીનોને કારણે સામાન્ય કરતા વધુ તાપમાનનો અનુભવ થશે. એટલે કે શિયાળામાં સામાન્યથી ઓછી ઠંડી પડશે.

હવામાન વિભાગની આ ચેતવણીને પગલે રવિ પાકને લઈને ખેડૂતોની ચિંતા વધી ગઈ છે. અલ નીનોને કારણે પ્રશાંત મહાસાગરના તાપમાનમાં વધારો થયો છે અને હવે તે ધીમે ધીમે અરબ સમુદ્રની તરફ આગળ વધી રહ્યું છે. જો કે આ વર્ષે શિયાળામાં કેટલું તાપમાન રહેશે તે હવામાન વિભાગ દ્વારા દર્શાવવામાં આવ્યું નથી. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે અમે આગામી મહિને ફરીથી અલ નીનોની અસર અંગે પૂર્વાનુમાન જારી કરીશું પણ એક વાત નક્કી છે કે ચાલુ વર્ષે શિયાળામાં ગયા વર્ષની સરખામણીમાં ઓછી ઠંડી પડશે. જે વિસ્તારોમાં સિંચાઈની વ્યવસ્થા નથી ત્યાં ખેડૂતો રવિ પાક અંગે ચિંતિત બની ગયા છે. પ્રશાંત મહાસાગરમાં અલ નીનોનું નિર્માણ એક સામાન્ય પ્રક્રિયા છે. અલ નીનોની અસર સમગ્ર વિશ્વ પર પડે છે. અલ નીનો શક્તિશાળી બનતા ઘણા સ્થળોએ તપામાન વધી જાય છે અને આ કારણોસર કેટલાક વિસ્તારોમાં પાણીની ભારે અછત સર્જાય છે. આ જ કારણોસર સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં તાપમાન વધે છે. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે છેલ્લા ઘણા મહિનાથી અલ નીનોના નિર્માણની પ્રક્રિયા ચાલુ છે. અને આ જ કારણોસર જૂનથી સપ્ટેમ્બરમાં કેટલાક વિસ્તારોમાં સામાન્યથી ઓછો વરસા પડ્યો હતો.

દુબઈમાં એક રેસ્ટોરાં બેરોજગાર યુવાનોને ફ્રીમાં જમાડે છે..!!

દુબઈ

દુનિયામાં તમે એક-એકથી ચઢિયાતા દરિયાદિલના લોકો જોયા હશે, પરંતુ આ બધાની વચ્ચે તમે કયારેય એવા લોકોને જોયા છે જો પોતે જ કંઈક ખાસ કરીને એક આગવી ઓળખ ઉભી કરી દે છે. દુબઈમાં એક રેસ્ટોરાં એવી પણ છે જે બેરોજગાર યુવાનોને ફ્રીમાં જમાડે છે. આ રેસ્ટોરાંની બહાર બોર્ડ લગાવ્યું છે કે જો તમે નોકરી શોધી રહ્યાં છો તો તમે અમારે ત્યાં જમી શકો છો. પૈસાની ચિંતા ના કરો, જ્યારે તમને નોકરી મળે ત્યારે તમે પાછા આવી અમને પૈસા ચૂકવી શકો છો. રેસ્ટોરાં એ એમ પણ અપીલ કરી છે કે પૈસા વગર જમવામાં તમે જરાય શરમ સંકોચ અનુભવતા નહીં. તમે આના ચેરિટી ના સમજો, તમે બની શકો તો પછી પૈસા પાછા આપવા આવી શકો છો.

દુબઈના સિલિકોન ઓએસિસમાં ધ કબાબ શોપ (The Kebab Shop) નામની આ રેસ્ટોરાં ચલાવનાર શખ્સનું નામ કમાલ રિઝવી છે. તેઓ કેનેડિયન-પાકિસ્તાની નાગરિક છે. આ રેસ્ટોરાં દ્વારા તેઓ સમાજ સેવાનું કામ પણ કરે છે. કમાલ કહે છે કે જ્યારે લોકોના હાથમાં નોકરી નથી હોતી, તો તેમને એક નાનકડી મદદ કરી ખુશી મળે છે.

આ શરૂઆત કેવી રીતે થઈ. તેના પર કમાલ રિઝવી કહે છે કે રેસ્ટોરાંમાં કેટલાંક લોકો સતત જમવા આવતા હતા. એવામાં એ લોકો સાથે વાતચીત પણ થતી હતી. સારી ઓળખાણ થઈ હતી. આ દરમ્યાન મેં જોયું કે તેમાંથી એક શખ્સે રેસ્ટોરાંમાં આવવાનું બંધ કરી દીધું. જ્યારે મેં તેમાંથી એક વ્યક્તિને પૂછ્યું તો તેણે કહ્યું કે તેની નોકરી છૂટી ગઈ છે. હવે અહીં ખાવા માટે તેમની પાસે પૈસા નથી. આ સાંભળીને મને ખોટું લાગ્યું. ત્યારે મેં એ લોકોને કહ્યું કે તમારા મિત્રને લઈ આવો. તેણે કહ્યું કે તેઓ ચિંતા વગર જમે. આ કોઈ ચેરિટી નથી. તેઓ તેને લોન સમજે અને જ્યારે તેને નોકરી મળે ત્યારે તે પૈસા પાછા કરી દે.

ખલીજ ટાઈમ્સના મતે ત્યારબાદથી એ શખ્સ ફરીથી આવવા લાગ્યો. આ ઘટનાએ જ મને એ પ્રકારનું કામ કરવાની પ્રેરણા આપી. તેના પરથી મને અનુભવ થયો કે ન જાણે કેટલાં લોકો મજબૂર હશે. રિઝવીએ પોતાની રેસ્ટોરાંની સામે તેના માટે બોર્ડ પર લગાવી રાખ્યું છે.

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં મોંઘવારી વચ્ચે ફરીવાર વધારો

નવી દિલ્હી

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારાનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. આજે પેટ્રોલ ડીઝલની કિંમતમાં ફરી એકવાર વધારો કરવામાં આવ્યો હતો. આગામ દિવસોમાં ભાવ વધારાથી કોઇ રાહત મળે તેવી શક્યતા પણ ઓછી દેખાઈ રહી છે. આજે પેટ્રોલની કિંમતમાં રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં વધારો થયા બાદ નવો વધારો થઇ ગયો હતો. આની સાથે જ દિલ્હીમાં પેટ્રોલની કિંમત વધીને લીટરદીઠ ૮૨.૭૨ થઇ ગઇ હતી જ્યારે ડીઝલની કિંમત લીટરદીઠ ૭૫.૩૮ થઇ ગઇ હતી. મુંબઈમાં પેટ્રોલની કિંમત લીટરદીઠ ૮૮.૧૮ સુધી પહોંચી હતી જ્યારે ડીઝલની કિંમત લીટરદીઠ ૭૯.૦૨ રહી હતી. ચેન્નાઈમાં પણ આવો જ પ્રવાહ જોવા મળ્યો હતો. પેટ્રોલ અને ડીઝલની કિંમત ક્રમશઃ ૮૫.૯૯ અને ૭૯.૭૨ રહી હતી. કોલકાતામાં પેટ્રોલ અને ડીઝલની કિંમત ક્રમશઃ વધીને ૮૪.૫૪ અને ૭૭.૨૩ નોંધાઈ હતી. છેલ્લા થોડાક મહિનાના ગાળામાં ક્રુડ ઓઇલની કિંમતમાં અવિરત વધારો કરવામાં આવ્યો છે. વિરોધ પક્ષોનો આક્ષેપ છે કે, સરકાર દ્વારા ભાવ વધારાને કાબૂમાં લેવા માટે કોઇ પગલા લેવામાં આવ્યા નથી. જ્યારે સરકારની દલીલ છે કે, વૈશ્વિક ક્રૂડ ઓઇલની કિંમતમાં સતત વધારો થઇ રહ્યો છે. અન્ય આંતરરાષ્ટ્રીય પરિબળો પણ ભાવ વધારા માટે જવાબદાર દેખાઈ રહ્યા છે. પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં વધારાનો દોર હાલ નહીં અટકે તેમ માનવામાં આવે છે. થોડાક સમય પહેલા જ સરકારે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ૨.૫૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો. સાથે સાથે આટલો જ ઘટાડો કરવા રાજ્યોને કહેવામાં આવ્યા બાદ પાંચ રૂપિયા સુધીનો ઘટાડો થઈ ગયો હતો. જો કે, હવે આ ઘટાડાને લઈને સ્થિતિ સંપૂર્ણપણે ફાયદાકારક સાબિત થઈ રહી નથી. કારણ કે, ભાવમાં ઘટાડો કરવામાં આવ્યા બાદથી અનેક વખત ભાવમાં વધારો થઈ રહ્યો છે. જેના લીધે સામાન્ય લોકોના બજેટ બગડી રહ્યા છે. આજે રવિવારના દિવસે પણ રાષ્ટ્રીય પાટનગર દિલ્હી સહિત દેશના તમામ શહેરોમાં કિંમતોમાં વધારો થયો છે.

નવસારીમાં રૂા.૨.૧૫ કરોડના ખર્ચે સાકાર ફાયર એન્ડ ઈમરજન્સી સેન્ટરનું લોકાર્પણ

સ્વચ્છ સર્વેક્ષણ અંતર્ગત શ્રેષ્ઠ સફાઈ કામદારોનું સન્માન કરાયું





નવસારી

નવસારી નગરપાલિકા ધ્વારા દુધિયા તળાવ, રોટરી આઇ હોસ્પિટલ સામે રૂા.૨.૧૫ કરોડના ખર્ચે તૈયાર કરાયેલ અદ્યતન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ સેન્ટરનું નવસારીના ધારાસભ્ય શ્રી પિયુષભાઇ દેસાઇએ લોકાર્પણ કર્યુ હતું. તેમજ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૧૯ અંતર્ગત શ્રેષ્ઠ સફાઇ કામદારોનું સન્માન કરાયું હતું. ધારાસભ્ય સાથે નવસારી નગરપાલિકાના પ્રમુખ શ્રી કાંતિભાઇ પટેલ, એકઝીકયુટીવ કમિટિના ચેરમેન શ્રી પ્રેમચંદ લાલવાણી, બાંધકામ સમિતિના ચેરમેન શ્રી કર્ણ હરિયાણી, ફાયર સમિતિના ચેરમેન શ્રી આસિતભાઇ રાંદેરવાલા ઉપસ્થિત રહયાં હતાં.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી પિયુષભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે, હું પ્રથમ વખત નગરપાલિકા વિસ્તારમાં ચુંટાઇ ફાયર વિભાગના ચેરમેન તરીકે કાર્ય કરવાની તક મળી હતી. તે વખતે એક જ ફાયર સ્ટેશન હતું. રેલ્વે સ્ટેશન વિસ્તારમાં કોઇ ઘટના બને તો ઘણી તકલીફ થતી હતી. જેને કારણે નગરપાલિકા ધ્વારા હાલ ત્રણ ફાયર સ્ટેશનો કાર્યરત કર્યા છે. નગરપાલિકા ધ્વારા અનેક વિકાસકામો હાથ ધર્યા છે. જેમાં રૂા.૧૫૦ થી ૨૦૦ કરોડના ડ્રેનેજ, રસ્તા, ફાયર સ્ટેશનો, બ્લોક પેવિંગ જેવા વિકાસકામો શરૂ કરાયાં છે. નવસારી નગરપાલિકા ધ્વારા સ્પોર્ટ સંકુલ કાર્યરત કરાયું છે. નગરના બાળકો, યુવાનો, સ્પોટસંકુલનો લાભ લઇ રમતગમત ક્ષેત્રે તેમનામાં છુપાયેલી ટેલેન્ટને બહાર લાવવા પ્રયાસ હાથ ધરાયાં છે. નવસારી નગરપાલિકા ધ્વારા વોટર વર્કસ માટે પણ સારી યોજના બનાવી છે. નાગધરા ડાબાકાંઠા યોજના પર વિશેષ ધ્યાન આપી કાર્યરત કરાશે તો નગરની પાણીની યોજના સમસ્યા હલ થશે.

આ પ્રસંગે નવસારી નગરપાલિકાના પ્રમુખ શ્રી કાંતિભાઇ પટેલ, એકઝીકયુટીવ કમિટિના ચેરમેન શ્રી પ્રેમચંદ લાલવાણી, બાંધકામ સમિતિના ચેરમેન શ્રી કર્ણ હરિયાણી એ જણાવ્યું હતું કે, નગરના વિકાસ માટે અનેક વિકાસ કામો હાથ ધરાયા છે. નગરનું દુધિયા તળાવનો વિકાસ કરાયો છે. તેની સાથે સરબતીયા તળાવ અને થાણા તળાવનો કાર્ય શરૂ કરાયેલ છે. તેમની સાથે રૂા.૨.૧૫ કરોડના ખર્ચે ફાયર સ્ટેશન પુર્ણ કરાયું છે. જેના ઈરમજન્સી કંટ્રોલરૂમ, સ્ટોરરૂમ, કર્મચારીના રૂમો, ઓફિસ વગેરે સુવિધા ઉપલબ્ધ કરાવાઇ છે. કાર્યક્રમમાં સુકો, ભીનો કચરાના ડસ્ટબીનનું વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે શાસક પક્ષના નેતા છાયાબેન દેસાઇ, વોટર વર્કસ ચેરમેન શ્રી કાળુભાઇ, શહેર અગ્રીણી શ્રી રમેશ હિરાણી, પૂર્વ પ્રમુખ શ્રીમતી અલકાબેન, શ્રી વેણીલાલ રાણા, શ્રી જયંતી ગોપાણી, ચીફ ઓફિસરશ્રી ગોહિલ, એન્જીનીયર શ્રી ગુપ્તા, નગરપાલિકાના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ, નગરજનો ઉપસ્થિત રહયાં હતાં.

રાજસ્થાનથી ગુજરાતમાં દારૂ સપ્લાય કરવાના રેકેટનો પર્દાફાશ

ગાંધીનગર

દારૂબંધીની નીતિનો કડક અમલ કોઈપણ સંજોગોમાં કરવામાં આવશે તેવો સંદેશ ફરી વખત આપવા માટે રાજ્ય પોલીસ વડા શ્રી શિવાનંદ ઝાએ સીધા આદેશો આપ્યા બાદ ગઈકાલે સ્ટેટ મોનીટરીંગ સેલ તથા ડી.જી.પી.ની કચેરી દ્વારા રાજ્યમાં પ્રોહીબીશનના ત્રણ મોટા કેસો કરી મોટે પાયે દારૂની હેરફેર પકડી પાડવામાં આવેલ છે.

ગઈકાલે પોલીસવડા શ્રી શિવાનંદ ઝાની સુચનાથી ડી.જી.પી.કચેરીના જી-૧ શાખાના અધિકારીઓ અને કર્મચારીઓએ રાજસ્થાનથી ગુજરાતમાં દારૂ સપ્લાય કરવાના રેકેટનો પર્દાફાશ કરતાં સાબરકાંઠા જીલ્લામાંથી દારૂ ભરેલી બે ગાડીઓ પકડી પાડી છે. આ સંદર્ભે સાબરકાંઠા જીલ્લાના ઈડર પોલીસ સ્ટેશનમાં બે અલગ-અલગ ગુનાઓ દાખલ કરવામાં આવેલ છે.

જેમાં બંને ગુનાઓમાં કુલ મળીને દારૂ અને બીયરની કુલ ૨૮૪૮ બોટલો પકડવામાં આવેલ છે. આ સાથે એક એક્સન્ટ ગાડી અને એક ઝાયલો ગાડી કે જેમાં ભરીને આ દારૂ લાવવામાં આવતો હતો તે પણ પકડવામાં આવેલ છે. કુલ મળીને બંને ગુનામાં ૧૭ લાખ રૂપિયાનો મુદ્દામાલ પકડી પાડવામાં આવેલ છે. બૂટલેગર દ્વારા રાજસ્થાનની આ દારૂ લાવી નાની ગાડીઓ મારફતે ગુજરાતના અલગ અલગ સ્થળોએ દારૂ સપ્લાય કરવામાં આવતો હતો.

તેવી જ રીતે રાજ્યની સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા પણ આજે લગઝરી બસ મારફતે રાજ્યમાં દારૂ સપ્લાય કરવાનો એક કેસ પકડી પાડવામાં આવેલ છે. સ્ટેટ મોનીટરીંગની ટીમને બાતમી મળેલ હતી કે રાજ્યમાં હરિયાણાથી લગઝરી બસ મારફતે દારૂ ઘુસાડવામાં આવી રહેલ છે. જે બાતમીના આધારે આણંદ જીલ્લાના બોરસદ ખાતે એક લગઝરી બસ પકડી પાડવામાં આવેલ હતી જેમાંથી કુલ ૧૨ લાખની કિંમતનો દારૂ મળી આવેલ હતો. આ સંદર્ભે બોરસદ ટાઉન પોલીસ સ્ટેશનમાં એક કેસ દાખલ કરવામાં આવેલ છે. આ રેઇડ દરમ્યાન કુલ રૂ. ૨૨ લાખનો મુદ્દામાલ અને બે આરોપી પકડી પાડવામાં આવેલ છે. નોંધપાત્ર બાબત એ હતી કે આ સ્લીપર કોચ બસમાં કોઇ મુસાફરો ન હતા અને સીટ નીચે દારૂ છુપાવવા માટે અલગથી ખાના બનાવવામાં આવેલ હતા. બસની આગળ અને પાછળ એકની ઉપર બીજી એમ બે નંબર પ્લેટ પણ લગાવવામાં આવેલ હતી જેમાંથી એક નંબર પ્લેટ ગુજરાતની અને બીજી રાજસ્થાનની હતી જેથી જ્યારે ગુજરાતમાં હોય ત્યારે ગુજરાતની નંબર પ્લેટે રાખી શકાય અને બસ રાજસ્થાનની હદમાં પ્રવેશે ત્યારે રાજસ્થાનની નંબર પ્લેટ રાખી શકાય.

દક્ષિણ ગુજરાત પ્રદેશમાં આ વર્ષે લેપ્ટો. રોગચાળાના માત્ર ૪૬ દર્દીઓ નોંધાયા

આરોગ્ય કર્મચારીઓ દ્વારા લેપ્ટો. અંગે ૯૧,૬૭૪ ઘરોમાં સર્વે કરાયો

સુરત

દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં લેપ્ટો.ના નોંધાયેલા દર્દીઓમાં સુરત જિલ્લામાં આ વર્ષે આજદિન સુધીમાં ૧૨, તાપીમાં ૧૫, નવસારીમાં ૧૪ અને વલસાડમાં ૦૫ લેપ્ટોસ્પાયરોસીસના કેસો નોંધાયા છે. જેમાં નવસારી જિલ્લાના ૧૪ દર્દીઓ પૈકી ૧૧ દર્દીઓને તેમજ અન્ય જિલ્લાઓમાં હોસ્પિટલમાં દાખલ તમામ દર્દીઓને સાજા થયા બાદ રજા આપવામાં આવી છે. લેપ્ટો.ના કારણે નવસારી જિલ્લામાં આજદિન સુધીમાં ૦૨ દર્દીઓના મૃત્યુ થયા છે. જ્યારે ઉપરોક્ત ચારે જિલ્લાના ૯૧૬૭૪ ઘરોમાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા લેપ્ટો.નો સર્વે કરાયો છે. જેમાં તાવના ૧૯૯૮૧ કેસોમાં કેપ. ડોક્સીસાયક્લીન દવા આપવામાં આવી છે, એમ વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓની યાદીમાં જણાવાયું છે

શિવાજીના પુત્ર સંભાજી વિરુદ્ધ અપમાનજક ઉચ્ચારણો સાથેનું પાઠ્ય પુસ્તક પરત ખેંચાયું

મુંબઈ

મહારાષ્ટ્રમાં શાળામાં પુરક વાંચન તરીકે બહાર પાડવામાં આવેલા પાઠ્ય પુસ્તકમાં શિવાજીના પુત્ર સંભાજીને દારૂડિયા ગણાવાયા હોવાથી આ મુદ્દેભારે વિવાદ થતા વિપક્ષની માગણી સામે ઝુકીને સરકારે પુસ્તક પરત ખેંચવાની જાહેરાત કરી છે. ૧૭મી સદીના કવિ-સંત રામદાસના જીવન પર આધારિત પુસ્તક 'સમર્થ શ્રી રામદાસ સ્વામી' માં એવો ઉલ્લેખ કરાયો હતો કે સંભાજી વ્યભીચારી હતા. જો કે સર્વ શિક્ષણ અભિયાન અંતર્ગત આપવામાં આવેલા આ પુસ્તકને ભારે વિરોધ બાદ પરત ખેંચી લેવાયું છે. મહારાષ્ટ્રના કોંગ્રેસના અધ્યક્ષ અશોક ચવ્હાણ અને એનસીપીના નેતા ધનંજય મુંડેએ વિધાનસભામાં આ પુસ્તક પરત ખેંચવા અને મહારાષ્ટ્રના શિક્ષણ મંત્રી વિનોદ તાવડે પાસેથી માફીની માંગ કરી હતી. શનિવારે મુંડેએ આ મુદ્દે લેખક અને નાગપુર સ્થિત પ્રકાશક વિરુદ્ધ પગલાં લેવા માગ કરી હતી તેમજ શિક્ષણ મંત્રીનું રાજીનામું માંગ્યું હતું. સંભાજી બ્રીગેડે આ બાબતે શિક્ષણ કમિશ્નરને લેખિત ફરિયાદ કરી હતી જેમાં સંભાજી વિરુદ્ધ અપમાનજનક ઉચ્ચારણો હોવાનું જણાવ્યું હતું. મહારાષ્ટ્ર સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનિંગે જણાવ્યું હતું કે આ પુસ્તકનો વિવાદ ઉકેલાય નહીં ત્યાં સુધી તે બાળકોને આપવામાં નહીં આવે. શાળામાં રહેલા પુસ્તકો હેડમાસ્ટર પાસે રાખવાનો આદેશ કરાયો છે.

આહવામાં ૧૦૮ ઈમરજન્સી સર્વિસના કર્મયોગીઓનો સન્માન સમારંભ યોજાયો

કુલ ૮ જિલ્લાના ૮૦ જેટલા કર્મચારીઓને સન્માનિત કરાયા

આહવા

રાજ્ય સરકારની આરોગ્ય વિષયક ઈમરજન્સી સેવા ૧૦૮ ના કર્મયોગીઓની સેવાઓને બિરદાવતો એમ કેર એવોર્ડ સમારોહ આજરોજ ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા (ડાંગ દરબાર હોલ) ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. વઢવાણિયાના અધ્યક્ષ સ્થાને ૧૦૮ ના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિ માં યોજાયો હતો. જેમાં દક્ષિણ ઝોનના કુલ ૮ જિલ્લાના વિવિધ ફરજ બજાવતા કુલ ૮૦ જેટલા કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા. જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. વઢવાણિયાએ ૧૦૮ ની કામગીરી બિરદાવતા જણાવ્યું હતું કે સમાજમાં આરોગ્ય વિષયે ખૂબ જ મોટુ યોગદાન આપ્યું છે. આ સેવાને કારણે માતા મરણ અને બાળમરણનું પ્રમાણ ઘટ્યું છે. પહેલા ગામડાઓમાં મહિલાઓની પ્રસુતિ ઘરે જ કરાવવામાં આવતી હતી જેના કારણે સમયસર સારવારના અભાવે માતા મૃત્યુ અને બાળ મૃત્યુ નું પ્રમાણ વધુ રહેતુ હતું. ઈમરજન્સી ૧૦૮ ની સુંદર કામગીરીને કારણે સેવાઓ ખૂબ ઝડપી બની અને તેનો લાભ ગામે ગામ મળતો થયો છે. આજે વિશ્વના દેશોમાં પણ ગુજરાતની ૧૦૮ ટીમની કામગીરી નોંધપાત્ર બની છે. જે ખરેખર પ્રશંશનિય છે. ઈમરજન્સી ઓપરેશન હેડ, અમદાવાદ શ્રી સતીષ પટેલે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે આપણાં દેશના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ની દીર્ધદ્રષ્ટિને કારણે આપણે ઈમરજન્સી સેવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આ સેવાના લોન્ચીંગ થયાને ૧૧ વર્ષના સમયગાળામાં કુલ ૯૨ લાખ ઈમરજન્સી કવર કરવામાં આવી છે. ૧૦૮ સેવાની સાથે સાથે ખિલખિલાટ, કરૂણા એનીમલ સેવા-૧૯૬૨, જેવો વ્યાપ વધારવામાં સફળતા મળી છે. નાયબ કલેકટરશ્રી શિવાજી તબિયારે જણાવ્યું હતું કે સમાજમાં માનવસેવા જ સાચો ધર્મ છે. ખરેખર જ કોઈપણ પ્રકારની ઈમરજન્સીમાં છેવાડાના ગામડાઓમાં કોઈપણ સમયે ફરજ બજાવતા કર્મયોગીઓ શ્રેષ્ઠ કામગીરી કરી રહયા છે.

આ એવોર્ડ સમારોહમાં બેસ્ટ કામગીરી કરનારને પારસ એવોર્ડ, ઈમરજન્સી એમ્પલોઈઝના અભ્યાસમાં શ્રેષ્ઠ બાળકોને એકેડમીક એવોર્ડ, ઈમરજન્સી બેસ્ટ ફોટોગ્રાફી, બેસ્ટ મેડિકલ ઓફિસરો, સહિત પાઈલોટ અને સમગ્ર ટીમને મહાનુભાવો દ્વારા વિવિધ એવોર્ડ આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે ઈમરજન્સી મેનેજમેન્ટ- ડો.હાર્દિક શાહ, પ્રોગ્રામ મેનેજમેન્ટ-અભિષેક ઠક્કર, ડાંગ-વલસાડ ઈમરજન્સી એક્ઝેક્યુટીવ મનોજ વિશ્વકર્મા સહિત દક્ષિણ ઝોનના કર્મયોગીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન છોટુભાઈ ચૌધરીએ કર્યું હતું.

સ્મીમેર હોસ્પિટલ રેગિંગ કાંડ : પાંચ રિસેડેન્ટ તબીબોને સસ્પેન્ડ કરાયા

સુરત

સુરતના સ્મીમેર હોસ્પિટલમાં બનેલા રેગિંગના મામલામાં પાંચ રેસિડેન્ડ તબીબોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે વિદ્યાર્થીઓએ પોતાની રેગિંગની ફરિયાદ હોસ્પિટલના ડિનને કરી હતી જેમણે આ મામલો એન્ટી રેગિંગ કંપનીને સોપ્યો હતો. ત્યારબાદ રેસિડેન્ટ ડોક્ટરોને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો હતો.

સુત્રોના જણાવ્યા પ્રમાણે ઓર્થો વિભાગના ડો. મિતેશ, ડો. અંકિત. ડો. શાલીન સહિત પાંચ રેસિન્ડેટ ડોક્ટરો સામે રેગિંગની ફરિયાદ કરવામાં આવી હતી. આ તમામને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે ડો. રાજનને બે ટર્મ માટે અને ડો. અંકિતને એક ટર્મ માટે સસ્પેન્ડ કરાયા છે. જ્યારે અન્ય ત્રણને એક મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા સુરતમાં આવેલી સ્મીમેર હોસ્પિટલમાં ડોક્ટર વિરુદ્ધ રેગિંગની ફરિયાદ નોંધાવવામાં આવી છે. ઓર્થોપેડિકના બે ડોક્ટરોએ તેમની સામે ફરિયાદ નોંધાવી હતી. હોસ્પિટલના ૬ રેસીડન્ટ ડોક્ટરો દ્વારા ઓર્થોપેડિકના બે ડોક્ટરોનું કથિત રેગિંગ કર્યું હોવાની ઘટના બની છે. ઓર્થો વિભાગના બે ડોક્ટરોએ આ અંગે હોસ્પિટલના ડીનને ફરિયાદ કરી હતી. જોકે, હોસ્પિટલના ડીને આ ઘટનાની ફરિયાદને ગંભીરતાથી લઈને સમગ્ર મામલાનો એન્ટી રેગિંગ કંપનીને સોંપી હતી.

ધરમપુર નગરમાં ૧.૪૧ કરોડના ખર્ચે નિર્માણ થનારા સ્વીમિંગ પુલનું ખાતમુહૂર્ત કરાયું





વલસાડ: સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (યુપીડી) દ્વારા રાજ્યની નગરપાલિકાઓમાં વિકાસકીય કાર્યો કરી નગરજનોને સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે, એમ વન અને આદિજાતિ વિકાસ વિભાગના રાજયકક્ષાના મંત્રી રમણલાલ પાટકરે વલસાડ જિલ્લાના ધરમપુર નગરમાં રૂા. ૧.૪૧ કરોડના ખર્ચે નિર્માણ થનારા સ્વીમિંગ પુલ (તરણકુંડ)નું ખાતમુહૂર્ત કરતાં જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ આ અવસરે વધુમાં જણાવ્યું હતુ કે, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના આઠ મહાનગરપાલિકાઓ સહિત તમામ નગરપાલિકાઓમાં શહેરીજનોની સુવિધા માટે તબક્કાવાર અનેક વિકાયકાર્યો કરવામાં આવી રહયા છે.

આ પ્રસંગે વલસાડ-ડાંગના સાંસદ ડો.કે.સી.પટેલ અને ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઇ પટેલે પ્રાસંગિક ઉદબોધનો કર્યાં હતાં.

ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીવિજયદેવજી સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, ત્રણદરવાજા, ધરમપુર ખાતે સાકાર થનારા સ્વીમિંગ પુલ ૩૦ મીટર લાંબો, ૧૫ મીટર પહોળો અને ૨.૫ મીટર ઊંડાઇવાળો બનાવાશે. જેમાં ક્લોરિનેશન કરેલા પાણીનો ઉપયોગ કરવામાં આવશે. એક વર્ષની સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ થયા બાદ ધરમપુર નગરની અંદાજીત ૨૬ હજાર કરતાં વધુ જનતાને તેનો લાભ મળશે.

આ પ્રસંગે ધરમપુર નગપાલિકાના પ્રમુખ જયદિપસિંહ સોલંકી, ઉપપ્રમુખ જેન્દુમતીબેન, પૂર્વ પ્રમુખ સુમિત્રાબેન ચૌધરી, નગરપાલિકા કારોબારી ચેરમેન રમેશભાઇ અટારા, ટાઉન પ્લાનિંગ ચેરમેન પ્રણવભાઇ શિન્દે, પ્રાંત અધિકારી, ચીફ ઓફિસર જે.વી.પરમાર, માલમતદાર તડવી, ધરમપુર નગરના અગ્રણીઓ સમીપભાઇ રાંચ, મહેશભાઇ ભટ્ટ તથા ધરમપુરના નગરજનો હાજર રહયા હતા.

યુવાનની જાગૃતિના કારણે બાળકી સાથે દુષ્કર્મ થતાં-થતાં રહી ગયુ

સુરત

સુરતના ડિંડોલી વિસ્તારમાં બાળકી સાથે દુષ્કર્મની ઘટના તાજી જ છે ત્યાં પાંડેસરા વિસ્તારમાં આઠ વર્ષની એક બાળકી સાથે દુષ્કર્મની ઘટના બનતાં અટકી છે. એક ભરવાડ યુવાનની જાગૃતિના કારણે બાળકી સાથે દુષ્કર્મ થતાં રહી ગયું હતું. સાઇકલ પર ફેરવવાના બહાને એક યુવાન આઠ વર્ષની બાળકીને ઝાડીમાં લઈને જતો હતો.

ત્યાંથી પસાર થતા ભરવાડ યુવાને તેને અટકાવ્યો હતો અને બાળકી બાબતે પૂછતાં ગલ્લાં-તલ્લાં કર્યાં હતાં. પોલીસને જાણ કરવામાં આવતાં પાંડેસરા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. બાળકીને યુવાને સુરક્ષિત ઘરે પહોંચાડી હતી.

આ અંગેની વિગત એવી છે કે પાંડેસરા વિસ્તારમાં આવેલા સિદ્ધાર્થનગર ફાયર સ્ટેશનની બાજુમાંથી એક યુવાન સાઇકલ પર આઠ વર્ષની બાળકીને લઈને પસાર થઈ રહ્યો હતો. યુવાન બાળકીને લઈ સરકારી સ્કૂલની પાછળ ઝાડી-ઝાંખરામાં પહોંચ્યો ત્યારે કાળુભાઈ ભરવાડ નામના યુવાને ઝાડીમાં બાળકી સાથે યુવાનને જોતાં તેમને શંકા ગઈ હતી. તેઓએ તાત્કાલિક તે યુવાન પાસે પહોંચી જઈ બાળકી અંગે પૂછપરછ કરી હતી. તેણે બાળકી વિષે પૂછપરછ કરતાં કાંઈ નથી કર્યું તેવું જ રટણ ચાલુ રાખ્યું હતું. પાંડેસરા પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે પાંડેસરામાં ઘરઆંગણે બે બહેનો રમતી હતી, જેમાં દસ વર્ષની મોટી બહેન હિમાનચલ નામના યુવાન સાથે સાઇકલ પર જવા તૈયાર થઈ નહીં પણ આઠ વર્ષની બહેન તૈયાર થઈ ગઈ. મોટી બહેનની હાજરીમાં જ નાની બહેનને સાઇકલ પર લઈ ગયો હતો.

પોલીસે યુવાનની ધરપકડ કરી પૂછપરછ કરતાં અમરોલીના કોસાડ આવાસમાં રહેતો હિમાનચલ ગંધામુદુલી (ઉં.વ.૪૦) મની એક્સચેન્જની કામગીરી માટે પાંડેસરા વિસ્તારમાં આવ્યો હતો. આઠ વર્ષની બાળકીને સાઇકલ પર ફાયર સ્ટેશન નજીક સરકારી સ્કૂલ પાસેની ઝાડીમાં પહોંચ્યો ત્યાં કાળુભાઈ ભરવાડ પહોંચી ગયા અને ગંભીર ગુનો બનતાં અટકી ગયો હતો. પોલીસે આરોપી હિમાનચલની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

ખેરગામના બહેજ ગામે રૂપાભવાની માતા મંદિરે નવરાત્રિ મહોત્સવ

આદિજાતિ રાજ્યમંત્રી પાટકરે માતાજીની આરતી ઉતારી



નવસારી

નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના બહેજ ખાતે આવેલા માં રૂપાભવાની મંદિરના પટાંગણમાં આયોજિત નવરાત્રિ મહોત્સવના બીજા નોરતે વન અને આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે માતાજીની આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

આ અવસરે આદિજાતિ મંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, નવરાત્રિ પર્વ શક્તિની આરાધના કરવાનું આ પર્વ છે. નવરાત્રિથી લઇ દેવદિવાળી સુધી આવતા અનેક તહેવારો ભાઇચારો ઉપરાંત સંગઠિત થઇને સાંસ્કૃતિક ભાવના જાગૃત કરે છે. અહીં આજુબાજુના ૨૦ જેટલા ગામોના સેંકડો ખેલૈયાઓ હાજર રહી ગરબામાં ભક્તિભાવપૂર્વક ભાગ લઇ રહયા છે, ત્યારે માતાજી પણ તેના આશીર્વાદ આપવા જરૂરથી આવે છે. અહીં આવનારા દરેક ખેલૈયાઓને મા-અંબે શક્તિ અને તંદુરસ્તી આપે તેવી શુભકામના પાઠવી હતી.

મંત્રીશ્રીએ સૌને સાથે મળી ગુજરાતના વિકાસમાં સહભાગી બનવા અનુરોધ કરી જણાવ્યું હતું કે, રાજપીપળા ખાતે નર્મદા નદી ઉપર સરદાર સરોવર ડેમની સામે બનાવાયેલા સરદાર વલ્લભભાઇ પટેલની ભવ્ય પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટિનું અનાવરણ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે તા.૩૧મી ઓક્ટોબરના રોજ કરવામાં આવશે. જેના ભાગરૂપે તા.૨૦ થી ૨૯મી ઓક્ટોબર દરમિયાન સમગ્ર રાજ્યમાં એકતા યાત્રાનું આયોજન કરાયું છે. જેના દ્વારા ગુજરાતના પ્રત્યેક ગામડા સુધી પહોંચીને સૌને સરદાર વલ્લભભાઇ પટેલની સિદ્ધિઓથી પ્રેરિત કરવામાં આવશે તથા તેમના કાર્યોને યાદ કરીને સૌથી અનન્ય રીતે લોકોને પ્રોત્સાહિત કરવામાં આવશે. જેમાં સૌને સહભાગી બનવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. આ અવસરે પૂર્વ મંત્રી મંગુભાઇ પટેલ, આયોજક ભીખુભાઇ આહિર સહિત ગ્રામજનો, ખેલૈયાઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

પતિની બિમારીનો ગેરલાભ ઉઠાવી પરિણીતા પર બળાત્કારનો પ્રયાસ

લાલગેટ પોલીસમાં આરોપી શાબીર સાઈકલવાલા વિરુદ્ધ પોલીસ ફરિયાદ

સુરત

સૈયદપુરા વિસ્તારમાં બિમાર પતિનો ફાયદો ઉઠાવી ઘરમાં ઘૂસેલા મુસ્લિમ વ્યકિતએ અવાર નવાર છેડતી કરી ઈજ્જત લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે પરિણીતાએ લાલગેટ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

લાલગેટ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સૈયદપુરા અમરોલી મસ્જિદ પાસે રહેતો શાબીર સફીભાઈ સાઈકલવાળાએ ફરિયાદીના પતિની બીમારીનો ફાયદો ઉઠાવી શોષણ કરવા અવાર નવાર છેડતી કરી ફરિયાદીના ઘરમાં ઘૂસી જઈ ફરિયાદીની ઈજ્જત લેવાની કોશિષ કરી ફરિયાદીના પતિને જાતિ વિષયક ગાળો આપી અપમાનિત કરી ઢીક-મુક્કીનો માર માર્યો હતો.

બનાવ સંદર્ભે લાલગેટ પોલીસે પરિણીતાની ફરિયાદ નોંધી હતી. આ બનાવની તપાસ મદદનીશ પો. કમિ. બી.સી. ઠક્કર કરી રહ્યાં છે.

પોલીસના નામે એસ્ટેટ બ્રોકરને ધમકી આપી તોડ કરવાનો પ્રયાસ

ઠગ અલગ અલગ નંબર પરથી ફોન કરી પૈસા માંગતો હતો

સુરત

ઘોડદોડ રોડ પોલીસ ચોકીના પીએસઆઈ કાનાણીનાં રાઈટર પ્રદીપ ભાવસાર‌ના નામે ફોન કરી ભાડુઆતની નોંધણીના સંદર્ભે સગુન એસ્ટેટ એજન્સીના દલાલ પાસેથી રૂપિયા ૧૫ થી ૨૦ હજારની માંગણી કરી વારંવાર ફોન કરી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપ્યાની ફરિયાદ ઉમરા પોલીસ મથકે નોંધાયો હતો.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઘોડદોડ રોડ વેસ્ટ ફિલ્ડ શોપિંગ સેન્ટરમાં સગુન એસ્ટેટ નામની ઓફિસ ધરાવતા અને અલથાણ વિસ્તારમાં રહેતા જમીન દલાલ વિપીન રાજેન્દ્રકુમાર મોગરા (જૈન)એ આપેલી ફરિયાદ મુજબ આરોપીએ ફરિયાદીને ફોન કરી પોતે ઘોડદોડ રોડ પોલીસ ચોકીના પીએસઆઈ કાનાણીના રાઈટર પ્રદીપ ભાવસાર તરીકેની ઓળખ આપી દુકાન રામઅવતાર કુમાવતને ભાડે આપી હોય જેની નોંધણી પોલીસમાં કરાવી ન હોવાનું જણાવી સેટલમેન્ટ માટે રૂા.૧૫ થી ૨૦ હજાર આપવા પડશે. ત્યારબાદ અલગ અલગ ફોન નંબર ઉપરથી ફોન કરી પોલીસ તરીકેનો ડર બતાવી ખોટા કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી હતી. ઉમરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

નવસારી જિલ્લામાં પ્રથમ તબક્કાની એકતા યાત્રાનો ઉભરાટથી પ્રારંભ થશે

૨૨૦ ગામોમાં એકતારથ દ્વારા રાષ્ટ્રવાદની લાગણી જાગૃત કરાશે

નવસારી

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી તા.૩૧ ઓકટોબરના રોજ કેવડીયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટનું લોકાર્પણ કરશે જેને અનુસંધાને રાજયભરમાં બે તબકકામાં તા.૨૦ થી તા.૨૯ ઓકટોબર સાથે તા.૧૨ મી તા.૨૧ નવેમ્બર સુધી એકતાયાત્રા દ્વારા રાષ્ટ્રવાદની લાગણી જાગૃત કરવાનો આશય રહયો છે. નવસારી જિલ્લા કલેકટર ડૉ. એમ.ડી. મોડિયાના માર્ગદર્શન હેઠળ એકતાયાત્રાનું સુચારુ આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લાના ૨૨૦ જેટલા ગામોમાં બે તબકકામાં એકતાયાત્રા યોજાશે. નવસારી જિલ્લાના જલાલપોર, નવસારી, ગણદેવી, ચીખલી, ખેરગામ અને વાંસદા તાલુકામાં ૬૦ ટકા ગામોને આવરી લીધા છે. દરેક તાલુકાના ગામવાઇઝ રૂટો નકકી કરાયા છે. નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના ઉભરાટ ગામેથી તા.૨૦/૧૦/૧૮ ના રોજ એકતારથનો પ્રારંભ કરાશે. રથની પુજા, આરતી કરી સાથે સરદાર પટેલના જીવનના સંસ્મરણો ધ્વારા દસ્તાવેજી વિડીયો ફિલ્મનું નિદર્શન, કરાશે. જલાલપોર તાલુકામાં તા.૨૦/૧૦/૧૮ થી તા.૨૩/૧૦/૧૮ સુધી એકતાયાત્રા ઘુમશે.

પ્રથમ તબકકામાં રૂટ મુજબ તા.૨૦/૧૦/૧૮ ના રોજ ઉભરાટ, નિમલાઇ, પરસોલી, માંગરોળ, ભિનાર, પરૂજણ, કરાંખટ, નડોદ, પોંસરા, વાડા, ચોખડ, તા.૨૧ મીના રોજ ડાંભેલ, સીમલક, આસણા, કાળાકાછા, આરક-રણોદ્રા, સિસોદ્રા(આરક), કુચેદ, વેસ્મા, મરોલી, મહુવર, છીણમ, કડોલી, તા.૨૨ મી ઓકટોબરના રોજ મીરઝાપોર, સાગરા, તવડી, માણેકપોર-ટંકોલી, બોદાલી, પેથાણ, કોથમડી, કરાડી, મટવાડ, સામાપોર, દાંડી, આટ, સુલતાનપુર, તા.૨૩મી ઓકટોબરના રોજ કલથાણ, અબ્રામા, મંદિર, એરૂ અને વિજલપોર ખાતે એકતારથ ધ્વારા રાષ્ટ્રવાદની ભાવના જાગૃત કરાશે.

મહાત્માની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી

સોલ્ટ સત્યાગ્રહ લોહ સાયકલ યાત્રાનો તા.૧૭'મીએ ચીખલીથી ગુજરાતમાં પ્રવેશ

સાયકલ યાત્રાનું રાજ્યના ૧૪ જિલ્લાઓમાં કુલ ૨૭ સ્થળોએ રોકાણ

સુરત

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઇન્ડિયા, નવી દિલ્હીના ઉપક્રમે સમગ્ર દેશમાં તા.૨જી ઓક્ટોબરથી પીન ઇન્ડિયા સાયકલોથોન 'સોલ્ટ સત્યાગ્રહ લોહયાત્રા' નામથી સાયકલ યાત્રાનો પ્રારંભ થયો છે. જેમાં ૨૫ જેટલા સાયકલસવારો સાયકલ દ્વારા દેશભરમાં પરિભ્રમણ કરશે. આ સાયકલ રેલીમાં દરેક જિલ્લામાંથી વધારાના સ્થાનિક સાયકલવીરો જોડાશે. સોલ્ટ સત્યાગ્રહ લોહ સાયકલ યાત્રા ગુજરાતમાં તા.૧૭/૧૦/૨૦૧૮ ના રોજ દમણથી ચીખલી ખાતે પ્રવેશ કરશે, જે રાજયના ૧૪ જિલ્લાઓમાં કુલ ૨૭ સ્થળોએ રાત્રિરોકાણ કરીને તા.૧૭ નવેમ્બરના રોજ અંબાજી થઇ રાજસ્થાન જશે.

આ સાયકલ યાત્રાનો ઉદ્દેશ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના દેશ પ્રત્યેના સમર્પણ અને ત્યાગને ભાવાંજલિ આપવાનો તેમજ દેશની જનતાને ફોર્ટીફાઇડ ફૂડ મળી રહે તે માટે જનજાગૃત્તિ લાવવાનો છે. આ યાત્રામાં રાત્રિ રોકાણના દરેક સ્થળોએ પ્રભાત ફેરી, વિડીઓ ફિલ્મ નિદર્શન, વોલ પેઈન્ટીંગ જેવા જનજાગૃત્તિના કાર્યક્રમો યોજી પૂજ્ય ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે.

સાયકલ યાત્રાના સુરત જિલ્લામાં સંભવિત આગમન સંદર્ભે તાજેતરમાં અધિક જિલ્લા કલેકટરશ્રી એસ.ડી. વસાવાના અધ્યક્ષસ્થાને બેઠક પણ યોજાઈ હતી.

સુભાષ ઘાઈએ મસાજ કરાવીને કિસ કરવાનો પ્રયાસ કર્યો, મોડેલે નોંધાવી પોલીસ ફરિયાદ

મુંબઈ

સોશ્યલ મીડિયા પર ભડકેલી મી ટુની આગ ભલભલી જાણીતી હસ્તીઓને દઝાડી રહી છે. હવે મુંબઈની એક મોડેલે ફિલ્મ ડિરેક્ટર સુભાષઘાઈ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. મુંબઈના એક અખબારના અહેવાલ પ્રમાણે મોડેલે પોલીસ ફરિયાદમાં કહ્યુ હતુ કે ૬ ઓગસ્ટે સુભાષ ઘાઈએ મને પોતાની ઘરે બોલાવી હતી. જ્યાં પહેલાથી પાંચેક લોકો હાજર હતા. ઘાઈએ મને તેમનુ મસાજ કરવાની ફરજ પાડી હતી. એ પછી હું હાથ ધોવા ગઈ ત્યારે ઘાઈ પાછળથી આવીને મને એક રુમમાં વાત કરવા માટે લઈ ગયા હતા. જ્યા તેમણે મને કિસ કરવાની કોશીશ કરી હતી. મોડેલે કહ્યુ હતુ કે મેં ઘરે જવાની વાત કરી ત્યારે સુભાષ ઘાઈએ જણાવ્યુ હતુ કે તુ રાતે નહી રોકાય તો તને લોન્ચ નહી કરુ. આ પહેલા રાઈટર મહિમા કુકરેજાએ પણ સુભાષ ઘાઈ વિરુધ્ધ એક પોસ્ટમાં લખ્યુ હતુ કે એક પીડિતાએ મને કહ્યુ હતુ કે સુભાષ ઘાઈએ મને નશીલુ ડ્રિંક પીવડાવીને હોટલમાં મારા પર રેપ કર્યો હતો. દરમિયાન ઘાઈએ સ્પષ્ટતા કરતા કહ્યુ હતુ કે મારા પર મુકાયેલા આરોપો અંગે સાંભળીને મને દુખ થાય છે.

આવતા વર્ષથી સમગ્ર ભારતમાં સમાન પ્રકારના નવા ડ્રાઈવિંગ લાઈસન્સ ઈસ્યૂ કરાશે

ન્યુ દિલ્હી

આવતા વર્ષના જુલાઈ મહિનાથી ભારતમાં જે નવા ડ્રાઈવિંગ લાઈસન્સ અને વેહિકલ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ્સ ઈસ્યૂ કરાશે તે તમામ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં સમાન પ્રકારના રહેશે.

નવા સ્માર્ટ ડ્રાઈવિંગ લાઈસન્સ તથા રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ્સ એમ્બેડ કરેલી માઈક્રોચિપ્સ અને ઊંઈ કોડ્સવાળા હશે. આવતા વર્ષથી દેશભરમાં, મેટ્રો અને એટીએમ કાર્ડ્સની જેમ, તમામ ડ્રાઈવિંગ લાઈસન્સ અને વેહિકલ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ્સનો દેખાવ, રંગ અને ડિઝાઈન સમાન રહેશે. આની પાછળનો હેતુ ટ્રાફિક પોલીસકર્મીઓ એમના હેન્ડ-હેલ્ડ ડીવાઈસીસ દ્વારા વાહનચાલકના કાર્ડમાં સ્ટોર કરેલી વિગતો આસાનીથી એક્સેસ કરી શકશે.

વેર માટે નહિ માં હરિસિદ્ધિની આરતી માટે રાજપીપળામાં રાજપૂતોએ ઉઠાવી તલવાર

રાજપીપળામા હરિસિદ્ધિ માતાજીના મંદિરે રાજપૂત સમાજના ૧૫૦ યુવકો દ્વારા સતત ૫ વર્ષથી અદભુત તલવાર આરતી કરે છે.



રાજપીપળા:માં હરિસિદ્ધિ રાજપૂતોની કુળદેવી ગણાય છે.આમ તો ભૂતકાળમાં રાજપૂતોએ પોતાની પ્રજાની રક્ષા માટે તથા રાજ્યના દુશમન સાથે વેર લેવા તલવાર ઉઠાવી હોવાના ઘણા કિસ્સાઓ ઈતિહાસમાં મોજુદ છે.પણ રાજપીપળામાં રાજપૂતોએ વેર વાળવા નહિ પણ પોતાની કુળદેવીમાં હરિસિદ્ધિ માતાજીની અનોખી આરતી રૂપી આરાધના કરવા આસો સુદ છઠની નવરાત્રીએ તલવાર ઉઠાવી દિલધડક કરતબ સાથે હરિસિદ્ધિ માતાજીના મંદિરે અદભુત તલવાર આરતી કરી હતી.ત્યારે ત્યાં હાજર ભક્તો પણ આ તલવાર મહાઆરતી જોઈ દંગ રહી ગયા હતા.

આજથી ૪૧૭ વર્ષ પેહલા રાજપીપળા સ્ટેટેના રાજા વેરીસાલ સાથે ઠેક ઉજજૈનથી માં હરિસિદ્ધિ રાજપીપળા આવ્યા હતા.ત્યારથી લઈને આજ સુધી રાજપૂતો પોતાની કુળદેવી માં હરિસિદ્ધિની અનેરી આસ્થાથી પૂજા કરે છે.તલવાર એ રાજપૂતોનું શસ્ત્ર છે વળી રાજપૂતોમાં તલવારબાજીની કળા દિન પ્રતિદિન વિસરાતી જાય છે.કુળદેવીની આરાધના પણ થાય,તલવારબાીની કળા જીવંત રહે અને શસ્ત્ર વિષે આજની પેઢી માહિતગાર થાય તે મુખ્ય ઉદ્દેશ્યથી રાજપૂત સમાજના યુવાનો વર્ષ ૨૦૧૪થી રાજપીપળામાં હરિસિદ્ધિ માતાજીના મંદિરે તલવાર આરતી કરે જ છે.સતત ૫ માં વર્ષે નર્મદા, ભરૂચ, મહીસાગર, વડોદરા તથા સુરત જિલ્લાના ૧૦ થી ૪૦ વર્ષ સુધીના સફેદ વસ્ત્ર અને કેશરી સાફામાં સજ્જ ૧૫૦ રાજપૂત યુવકોએ સતત ૧ કલાક ૩૦ મિનિટ સુધી લાગલગાટ ઢોલ નગારાના તાલે રિધમમાં તલવારના દિલધડક કરતબોથી મહાઆરતી કરતા હાજર હજારો ભક્તો દંગ રહી ગયા હતા અને ત્યાં અદભુત નજારો સર્જાયો હતો.

આ તલવાર આરતી પેહલા રાજવંત પેલેસ પરથી માતાજીની વિશાળ રથયાત્રા રાજપીપળાના જાહેર માર્ગો પર ફરી હતી.આ રથયાત્રામાં રાજપૂત યુવકો દ્વારા હરિસિદ્ધિમાતાજીને અર્પણ કરવા બનાવાયેલી ૮ ફૂટ લાંબી તલવાર લોકોના આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ તલવાર આરતી માટે બનાવાયેલ સ્ટેજ પર લગભગ ૧૫૦ કિલો ફૂલોથી આબેહૂબ ઉગતા સૂર્યનું ચિત્ર તૈયાર કરાયું હતું.જેમ ગંગાની દીવડા આરતી વિશ્વમાં પ્રખ્યાત છે તેવી રીતે રાજપીપળામાં હરિસિદ્ધિની માતાજીની રાજપૂતોની તલવાર આરતી પણ વિશ્વ પ્રખ્યાત થશે.જેથી નાનકડું રાજપીપળા વિશ્વના નકશા પર અંકિત થશે એવી આશા નર્મદા રાજપૂત સમાજે વ્યક્ત કરી હતી.

ઝઘડીયા તાલુકાના પાનોલી ઈન્ટરમીડીએટ પ્રા. લિ. કંપનીમા થયેલ

કેમીકલ ચોરીના ગુનામાં સને ૨૦૧૫ના વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ઝઘડીયા

પોલીસ મહાનિરીક્ષકશ્રી અભયસિંહ ચુડાસમા સાહેબ વડોદરા રેન્જ વડોદરા તથા ભરુચ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓની સૂચના તેમજ માર્ગદર્શન હેઠળ ભરુચ જિલ્લામાં બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી સ્ટાફ સાથે આવા ગુનેગારો શોધી કાઢવા પેટ્રોલિંગ દરમ્યાન બાતમીના ાધારે અગાઉ ઝઘડીયા જીઆઈડીસીના પાનોલી ઈન્ટરમીડીએટ પ્રા. લિ. કંપનીમાં થયેલ હાઈડ્રોજન કેટલીસ કેમીકલની ચોરીનો ગુનો ઝઘડીયા પો. સ્ટે. ગુ.ર.નં. આઈ ૨૫/૨૦૧૫, આઈપીસ કલમ ૪૪૭, ૩૮૧, ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ જે ગુનાના કામનો નાસતો ફરતો આરોપી દશરથ અશોકભાઈ વસાવા રહે. તલોદરા તા. ઝઘડીયા જી. ભરુચનાને ઉપરોક્ત ગુના બાબતે પૂછપરછ કરતા ગુનામાં પકડવાનો બાકી હોય જે ખાત્રી કરી તા. ૧૪-૧૦-૨૦૧૮ના રોજ ઝઘડીયા જીઆઈડીસીના પાનોલી ઈન્ટરમીડીએટ પ્રા. લિ. કંપનીમાં થયેલ હાઈડ્રોજન કેટલીસ કેમીકલની ચોરીનો ગુનો ઝઘડીયા પો. સ્ટે. ગુ.ર.નં. આઈ ૨૫/૨૦૧૫, આઈપીસ કલમ ૪૪૭, ૩૮૧, ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ જે ગુનાના કામનો નાસતો ફરતો આરોપી દશરથ અશોકભાઈ વસાવા રહે. તલોદરા તા. ઝઘડીયા જી. ભરુચનાને ઉપરોક્ત ગુના બાબતે પૂછપરછ કરતા ગુનામાં પકડવાનો બાકી હોય જે ખાત્રી કરી તા. ૧૪-૧૦-૨૦૧૮ના રોજ ઝઘડીયા જીઆઈડીસી વખતપુરાના પાટીયા પાસેથી પેરોલ ફર્લો સ્કોડ ભરુચની ટીમે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ તપાસ અર્થે આરોપીને ઝઘડીયા પો. સ્ટે.માં સોંપવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી ભરુચ પેરોલ ફર્લો સ્કોડના પોસઈ જે. વાય. પઠાણ તથા એએસઆઈ વિક્રમ સિંહ પ્રતાપસિંહ બ. નં. ૧૭૩૨ તથા અ.હે.કો. હરેન્દ્ર બશીલાલ બ. નં. ૮૨૮, અ. હે. કો. ગુલામખાન સરદારખાન બ. નં. ૯૩૩, અ. હે. કો. નરેન્દ્રકુમાર નટવરસિંહ બ. નં. ૧૩૩૧ તથા અ. હે. કો. કુતબુદ્દીન અમીરુદ્દીન બ. નં. ૧૩૮૫ તથા અ. હે. કો. મગનભાઈ દોલાભાઈ બ. નં. ૧૨૫૩ લો. પો. કો. વિશાલ રમેશભાઈ બ. નં. ૧૧૩૪ અ. પો. કો. નિલેશભાઈ નારસિંગભાઈ બ. નં. ૧૮૦૪ નાઓ દ્વારા ટીમવર્કથી કરવામાં આવેલ છે.

ખટોદરામાં બિહારી યુવાનનું મોત અકસ્માતને કારણે થયું છે

સુરતમાં બનેલી ૩ ઘટના હેટ ક્રાઈમ નથી : સતીષકુમાર શર્મા

સુરત

સુરતમાં છેલ્લાં ૧૫ દિવસમાં ગુજરાતી વર્સીસ બિનગુજરાતીની કોઈ ઘટના બની નથી અને છેલ્લી જે ૩ ઘટના બની છે તેને પણ પરપ્રાંતીયની લડાઈ સાથે કોઈ લેવા દેવા નથી.બિહારી યુવાનનું મોત પણ અકસ્માતને કારણે થયું છે એમ રવિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં સુરત પોલીસ કમિશ્નર સતીષકુમાર શર્માએ કહ્યું હતું.કેટલાક મિડીયાની બેજવાબદારી સામે કમિશ્નરે નારાજગી વ્યકત કરી હતી.

સુરત પોલીસ કમિશ્નર સતીષ કુમાર શર્માએ રવિવારે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે સુરતમાં જે ૩ ઘટના બની હતી તે સામાન્ય ક્રાઈમની ઘટના હતી અને આ ઘટનામાં કુલ ૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આત્રણેય ઘટના હેટ ક્રાઈમ નથી. વરાછામાં બે અને સચીન જીઆઈડીસીમાં મારામારીની ૩ ઘટના બની હતી. ઉપરાંત ખટોદરા વિસ્તારમાં ૩૨ વર્ષના અમરજીત સિંહનું બાઈક અકસ્માતમાં મોત થયું હતુ, પણ એક વેબસાઈટે પોલીસના વર્ઝન વગર હત્યા હોવાનું ચિતરી દીધું હતું.કમિશ્નરે વધુમાં કહ્યું હતું કે કેટલાક અખબારોએ પણ બેજવાબદારી પૂર્વક રિપોર્ટીંગ કર્યું છે જે એક દુર્ભાગ્યપૂર્ણ બાબત છે.

ડીંડોલી શૈલ સંજીવની હેલ્થ કેર સેન્ટરમાં લોકોનું ટોળુ ઉમટી પડ્યું હતુ

તબીબે સારવારના બહાને ૧૪૫ મહિલા દર્દીઓના વિડીયો ઉતાર્યાનો આક્ષેપ

સુરત

સુરતમાં ડિંડોલી વિસ્તારમાં બે બનાવો અત્યંત ધૃણાસ્પદ બન્યા છે. ત્યારબાદ આજે ફરી આ જ વિસ્તારમાં હેલ્થકેર તબીબ પર લોકોએ અશ્લિલલ વીડિયો ઉતારતો હોવાનો આક્ષેપ કર્યો છે.આ આક્ષેપ એવો કરવામાં આવ્યો છે ડોકટર મહિલા સામે છેડતી કરી રહ્યો છે અને તેમના કપડા ઉતારી વીડિયો ઉતારે છે. જેને લઈ ડીડોલી શૈલ સંજીવની હેલ્થ કેર સેન્ટરમાં લોકોનું ટોળું ઉમટી પડ્યું હતુ અને કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

માહિતી અનુસાર સુરતના ડીંડોલી વિસ્તારમાં આવેલી શૈલ સંજીવની હેલ્થ કેર સેન્ટરમા તબીબે ૧૪૫ મહિલા દર્દીઓની અશ્લીલ ક્લીપ બનાવી હોવાનો આરોપ લગાવવામા આવ્યો છે. આ હોસ્પિટલમાં સારવાર લેવા આવતી મહિલાની છેડતી સાથે તેનો વીડિયો ઉતાર્યો હોવાનો આક્ષેપ તેમના પરિવારજનો દ્વારા કરવામાં આવ્યો છે. મહિલા દર્દીના પરિવારજનો અન્ય લોકો સાથે ટોળુ ઉમટી પડ્યુ હતુ, જેમણે મહિલાની છેડતી સાથે તેનો વીડિયો ઉતારતા હોવાની ફરિયાદ બાદ વિવાદ થયો હતો. આ વિવાદ એટલો તીવ્ર બની ગયો હતો કે મહિલા પરિવાર દ્વારા તબીબ અને કમ્પાઉન્ડરને માર મરાયો હતો અને વિરોધ કરાયો હતો.

આ ઘટના ખૂબ જ ગંભીર હોવાથી ડિંડોલી પોલીસે આક્ષેપ કરનાર મહિલાના ભાઈને વિડીયો લેવા મોકલ્યો હતો પરંતુ તે મોડી રાત સુધી પરત નહીં આવતા આ ઘટના અંગે કોઈ ગુનો દાખલ કરાયો ન હતો.

ત્યારબાદ બીજી તરફ મહિલાના ભાઈએ એવો આક્ષેપ કર્યો હતો કે તેમની પાસે વીડિયો પૂરાવો છે તે સમયે પોલીસે તેને પૂરાવો લેવા મોકલ્યો હતો પરંતુ તે પરત નહીં આવતા હવે પોલીસ પણ ઉંડાણ પૂર્વક તપાસ કરી સાચી માહિતી એકઠી કરી આગળની તપાસ હાથ ધરશે.

અંકલેશ્વર જીઆઈડીસી પો. સ્ટે. વિસ્તારમાંથી

૧૪૫૮૦ રોકડા તથા ૪ મોબાઈલ સાથે જુગારનો કેસ શોધીકાઢતી અંકલેશ્વર પોલીસ



ઝઘડીયા

વડોદરા રેન્જ પોલીસ મહાનિરીક્ષક અભયસિંહ ચુડાસમા તથા પોલીસ અધિક્ષક સા. શ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમા ભરુચનાઓએ પ્રોહીબીશન જુગાર પ્રવૃત્તિ સદંતર બંધ કરવા માટે આપેલ સૂચનાના અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક એલ. એ. ઝાલા અંકલેશ્વર વિભાગ, અંકલેશ્વરના સૂચનાના આધારે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પો.ઈ. આર. કે. ધુળીયા તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસો તથા બીટના પો. માણસો સાથે પો. સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન મળેલ બાતમીના આધારે ભડકોદ્રા ગામ ખાતે આવેલ આમલાવાડી ખાતે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પાના વડે રૂપિયાની હારજીતનો જુગાર રમી રમાડે તેવી બાતમીના આધારે રેડ કરતા ચાર ઈસમો પકડાઈ ગયેલ હતા જેમાં (૧) દલપતભાઈ વસાવા (૨) જયેસભાઈ મનોજભાઈ વસાવા (૩) રાહુલ રમેશભાઈ વસાવા (૪) કિરણ બાબુભાઈ વસાવા ચારેય ઈસમોને પોલીસે ઝડપી પાડેલ હતા. સદર કામગીરી અંકલેશ્વર જીઆઈડીસી પો. સ્ટે.ના પોલીસ ઈન્સ્પેક્ટર આર. કે. ધુળીયાની સૂચના મુજબ કરવામાં આવેલ હતી.

ચોરીમાં પણ ઉંમર..!

૧.૨૧ કરોડની ઉચાપતમાં જૂનિયરને મળ્યા માત્ર ૭.૫૦ લાખ!!

સુરત

બેંકમાં કેશ લોડિંગનો કોન્ટ્રાકટ લેતી સીએમએસ ઈન્ફો કંપનીના સાથે રૂ. ૧.૨૧ કરોડની ઉચાપત કરનાર કર્મચારીની ક્રાઈમ બ્રાંચની ટીમે ધરપકડ કરી તેમની પાસેથી રૂપિયા ૭.૫૦ લાખ કબજે લીધા છે.

ભટાર રોડ ઉમાભવન પાસે સીએમએસ ઈન્ફો, સિસ્ટમ લિમિટેડ કંપની કંપની પાસે વિવિધ બેંકના એટીએમમાં કેશ લોડિંગનો કોન્ટ્રાકટ છે. દરમિયાન કંપનીના અંકિત હિતેન્દ્ર સિંગ, નીતિન રાજમલ કુમાવતે એક વર્ષના સમયગાળામાં કંપની દ્વારા બેંકના એટીએમમાં મુકેલ રૂપિયા તથા કેશ લોડ કરવા માટે આપેલા રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૨૧,૭૭,૭૦૦ કંપનીમાં જમા નહીં કરાવી ઉચાપત કરી હતી.

બનાવ અંગે કંપનીના મેનેજરની ફરિયાદ લઈ ખટોદરા પોલીસે ગુનો દાખલ કર્યો હતો. ક્રાઈમ બ્રાંચની ટીમે અંકિત હિતેન્દ્રસિંગ રાજપુતને અઠવાલાઈન્સ ઈન્ડોર સ્ટેડિયમ પાસેથી ઝડપી પાડી તેની પાસેથી મોબાઈ અને રોકડા ૬,૫૨,૨૦૦ કબજે કર્યા હતા. અંકિતે કબૂલાત કરી હતી કે તેના ભાગે ૭,૫૦,૦૦૦ આવ્યા હતા જયારે બાકીના નીતિન લઈ નાસી ગયો હતો અને ત્યારબાદ તેનો કોઈ સંપર્ક નથી.

મૂળ યુપીના ૨૧ વર્ષના જુનિયર કર્મચારી પાસેથી જે રૂપિયા ઝડપાયા તે માત્ર ૬ ટકા છે. જયારે તેનો સિનિયર નીતિન ૯૪ ટકા રૂપિયા લઈને નાસી ગયો હોવાનું સામે આવ્યું છે. ઉચાપતમાં પણ સિનિયર ૯૪ ટકા રકમ લઈને નાસી ગયા બાદ જુનિયરને તે ક્યાં ગયો તેની ખબર ન હોવાથી વધુ તપાસ પોલીસે શરૂ કરી છે.

માંગરોળમાંથી ૧૫ વર્ષીય મનીષાબેન પ્રજાપતિ ગુમ

પોલિસ અધિક્ષકની કચેરી, સુરત ગ્રામ્ય પોલિસના જણાવ્યા અનુસાર તા.૧૫/૦૯/૨૦૧૮ ના રોજ કુંવરદા ગામ, કબીર વન ભ્રમધામ તા. માંગરોળજી.સુરત ખાતે રહેતા રાજપ્રત રામદુલાર પ્રજાપતિએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની ૧૫ વર્ષીય પુત્રી મનિષાબેનને કોઈ અજાણ્યો ઈસમ લલચાવી ફોસલાવી અપહરણ કરી ગયો છે. મનિષાબેન શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણ ઊંચાઈ ૫.૦ ફુટ છે. તેણે સ્કુલ યુનિફોર્મ પહેરેલ છે.

ડિંડોલીમાં પૂંઠા ભરેલા ટેમ્પોમાં આગ લાગતાં ટેમ્પો બળીને ખાક

સુરત

ડિંડોલી વિસ્તારમાં મોડીરાત્રે ટેમ્પોમાં આગ લાગી હતી. પૂંઠા ભરેલા ટેમ્પોમાં અચાનક આગ લાગી ગઈ હતી. બ્રીજ પર ટેમ્પોમાં આગ લાગતાં બ્રીજને વાહનવ્યહાર માટે બંધ કરી દઈને આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો.

ડિંડોલી વિસ્તારમાં મોડી રાત્રે આગની ઘટના સામે આવી હતીં. પૂંઠાથી ભરેલા ટેમ્પોમાં આગ લાગી હતી. ડિંડોલી ગોડાદરા બ્રીજ પર પૂંઠાથી ભરેલા ટેમ્પામાં આગ લાગતા બ્રીજ બંધ કરવામાં આવ્યો હતો. બાદમાં ફાયર વિભાગને તાત્કાલિક જાણ કરતા કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. અને ટેમ્પોમાં લાગેલી આગ પર કાબુ મેળવ્યો હતો. આગ કયા કારણોસર લાગી તેની તપાસ ફાયર વિભાગ કરી રહી છે. આગ માં ટેમ્પોમા રહેલાં પૂંઠાનો જથ્થો બળીને ખાક થયો હતો. ટેમ્પોના ચાલકે સમયસૂચકતા વાપરી પોતાનો જીવ બચાવ્યો હતો. ઘટનામાં કોઈ જાનહાની નહીં.